# ગુજરાત જાહેર સેવા આયોગ

**જાહેરાત ક્રમાંક ૧૨૧/૨૦૧૬-૧૭ અને જા.ક્ર. ૩૮/૨૦૧૭-૧૮ ના ઉમેદવારો માટે અગત્યની સૂચના**

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા , ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ -૧/૨ (જા.ક્ર. ૧૨૧/૧૬-૧૭) ની કુલ ૩૩૫ જગાઓ પર પસદંગી માટે GPSC ભવન, ગાંધીનગર ખાતે તા.૧૨/૦૨/૨૦૧૮ થી તા. ૨૮/૦૨/૨૦૧૮ દરમિયાન **રૂબરૂ મુલાકાતનું આયોજન કરવામાં આવેલ છે. તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર (બિન હથીયારી) વર્ગ-૨(જા.ક્ર. ૩૮/૧૭-૧૮) ની કુલ ૧૧૫ જગાઓ માટે શારીરિક ક્ષમતા કસોટીનું આયોજન તા. ૦૫/૦૨/૨૦૧૮ થી તા.૧૦/૦૨/૨૦૧૮ દરમિયાન જે.ડી. નગરવાલા સ્ટેડિયમ , પોલીસ હેડ ક્વાર્ટર, શાહીબાગ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ છે.**

ઉક્ત રૂબરૂ મુલાકાત અને શારીરિક ક્ષમતા કસોટી માટે ઉમેદવારો આદર્શ પસંદગી પ્રક્રિયા માટેના જરૂરી ધોરણો જાળવે તેવી આયોગ અપેક્ષા રાખે છે. ઉમેદવારોએ **કોઇ પણ પ્રકારના પ્રલોભન ને વશ થવુ નહિ , તથા પસંદગી પ્રક્રિયા બાબતે કોઇ પણ પ્રકારની ભલામણ , લાગવગ અથવા દબાણ માટેના ( પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે) પ્રયત્નો કરવા નહિ તેમજ અન્ય કોઇ પણ પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ અજમાવવાના પ્રયત્નો કરવા નહિ.** આ પ્રકારની બાબત ધ્યાને આવેથી આયોગ દ્રારા નિયમાનુસાર **શિક્ષાત્મક પગલા લેવામાં આવશે**

જા.ક્ર. ૧૨૧/૧૬–૧૭ અન્વયે રૂબરૂ મુલકાતની પ્રક્રિયા માટે આયોગ ધ્વારા **વિવધ પાંચ રૂબરૂ મુલાકાત બોર્ડની રચના** કરવામાં આવી છે. આયોગ ધ્વારા ગુણવતાયુક્ત પસંદગી પ્રક્રિયા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે ભરતી પ્રક્રિયા અન્વ્યે યોજાતી દરેક રૂબરૂ મુલાકાત માટે યુનિક કોડ ડ્રો સિસ્ટમ અમલમાં મુકવામાં આવેલ છે. આ પધ્ધતિ મુજબ સૌ પ્રથમ રૂબરૂ મુલાકાત શરૂ થતા પહેલા ઉપસ્થિત તમામ ઉમેદવારોને ડ્રો પધ્ધતિથી સિરિઅલ નંબર ફાળવવામાં આવે છે અને તે સિરિઅલ નંબર પ્રમાણે તેમણે રૂબરૂ મુલાકાતના બોર્ડ સમક્ષ જવાનુ રહે છે. રૂબરૂ મુલાકાત માટે જતા પહેલા ઉમેદવાર પાસેથી તેમનો મોબાઇલ હેન્ડ સેટ કે અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો સ્વીચ ઑફ કરાવી લઇ લેવામાં આવે છે. ત્યાર બાદ ઉમેદવારની રૂબરૂ મુલાકાત કયા ઇન્ટવ્યુ બોર્ડ સમક્ષ થશે તે ઉમેદવાર દ્રારા જ ચીઠ્ઠી ખેંચીને **ડ્રો પધ્ધતિથી** છેલ્લી ઘડીએ નક્કી કરવામાં આવે છે. ઉપરાંત આયોગ દ્રારા **ઉમેદવારની ઓળખ છતી ન થાય તે માટે** ઉમેદવાર છેલ્લી ઘડીએ ચીઠ્ઠી ખેંચી **ડ્રો પધ્ધતિથી યુનિક કોડ મેળવે અને તે યુનિક કોડ** ઉમેદવારને પ્રદાન કરવાની પધ્ધતિનો અમલ કરવામાં આવે છે. આ યુનિક કોડ ઉમેદવારે ઇન્ટર્વ્યુ માટેના બોર્ડ સમક્ષ રજૂ કરવાનો રહેશે. અને આ યુનિક કોડ જ ઉમેદવારની ઇન્ટર્વ્યુ બોર્ડ સમક્ષ એક માત્ર ઓળખ રહેશે. ઇન્ટર્વ્યુ બોર્ડ ઉમેદવારના યુનિક કોડ સામે જ ગુણ ફાળવશે. ઉમેદવારના નામ, અટક, જ્ઞાતિ, ધર્મ, જિલ્લો વગેરે વ્યક્તિગત બાબતો ઇન્ટર્વ્યુ બોર્ડ ના સભ્યો પાસે હોતી નથી અને ઉમેદવારોને આ વિગતો પુછવામાં પણ આવતી નથી. વધુમાં કયા તજજ્ઞ , કયા ઇન્ટર્વ્યુ બોર્ડમાં ઉપસ્થિત રહેશે , તે દરેક દિવસે રૂબરૂ મુલાકાત શરૂ થવાના પહેલા ડ્રો પધ્ધતિથી નક્કી કરવામાં આવે છે. આમ, કોઇ પણ પ્રકારના પ્રલોભન અથવા યુકિત પ્રયુક્તિ માટેના પ્રયત્નો સફળ થવાનો અવકાશ નથી જેની નોંધ લેશો.

ગુજરાત જાહેર સેવા આયોગ ઉક્ત શારીરિક ક્ષમતા કસોટી માટે અને રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારોને શુભેચ્છા પાઠવે છે.

તા. ૦૫/૦૨/૨૦૧૮